જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ –૩૬૨૦૦૧

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ –૩૮૮૧૧૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬૪૫૦

સરદારકૃષિનગર દાંતીવાડા
કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર –૩૮૫૫૦૯

# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (જૂનાગઢ, આણંદ, નવસારી, સરદારકૃષિનગર) માં ચાલતા ધોરણ–૧૦ (એસ. એસ. સી.) પછીનાં પોલિટેકનીક કક્ષાનાં અભ્યાસક્રમોની સંક્ષિપ્ત માહિતી (વર્ષ–૨૦૨૫)




## કુલસચિવશ્રીની કચેરી
## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
## જૂનાગઢ –૩૬૨૦૦૧

# ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પછીના પોલીટેકનિક કક્ષાના અભ્યાસક્રમોની વિગત

| પોલિટેકનીક અભ્યાસક્રમ | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | લાયકાત |
|---|---|---|---|
| ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચર (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | (૧) એસ.એમ.સી. પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, આણંદ<br>(૨) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વસો | ❖ પ્રવેશ માટે પ્રવર્તમાન નિયમોનુસાર અરજદારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) અથવા માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડ જેવા કે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકંડરી એજ્યુકેશન (CBSE), કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ સર્ટિફિકેટ એકઝામીનેશન બોર્ડ (CISCE), નવી દિલ્હી, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલીંગ(NIOS), ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ISB), મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાતી, વિજ્ઞાન/વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન તેમજ સમાજવિદ્યા વિષયો સાથે ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાંથી અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય તો જ પ્રવેશ મળવાપાત્ર છે. |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | (૧) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ધારી<br>(૨) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, હળવદ<br>(૩) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, સીદસર<br>(૪) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, અમરેલી(ફક્ત બહેનો માટે) | |
| | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | (૧) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ડીસા<br>(૨) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ખેડબ્રહ્મા<br>(૩) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, અમીરગઢ | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | (૧) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ભરૂચ<br>(૨) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વ્યારા<br>(૩) પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, વઘઈ | |
| ડીપ્લોમા ઈન હોર્ટીકલ્ચર (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, વડોદરા | |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જૂનાગઢ | |
| | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, જગુદણ | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, પરીયા | |
| ડીપ્લોમા ઈન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | પોલીટેકનીક ઈન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ, સરદારકૃષિનગર (ફક્ત બહેનો માટે) | |
| ડીપ્લોમા ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, દાહોદ | |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, તરઘડીયા | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, ડેડીયાપાડા | |
| ડીપ્લોમા ઈન એગ્રો પ્રોસેસિંગ એન્ડ ફૂડ ટેકનોલોજી (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | પોલીટેકનીક ઈન એગ્રો પ્રોસેસિંગ, જૂનાગઢ | |
| ડીપ્લોમા ઈન ફૂડ ટેકનોલોજી એન્ડ ન્યુટ્રીશન (૬ સેમેસ્ટર/૩ વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ પોલીટેકનીક, આણંદ | |

❖ પોલિટેકનીક અભ્યાસક્રમો માટે ધોરણ–૧૦ નું પરીણામ જાહેર થયા બાદ કૃષિ યુનિવર્સિટીઓની કોમન પ્રવેશની વેબ સાઈટ www.gsauca.in અથવા poly.gsauca.in પર તથા અગ્રગણ્ય ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા તમામ પોલિટેકનીક અભ્યાસક્રમો માટે ઓનલાઈન પ્રવેશ પદ્ધતિથી એક જ પ્રવેશ ફોર્મ ભરવાનુ રહે છે.

❖ ઉપરોક્ત પોલિટેકનીક અભ્યાસક્રમોમા કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, તેથી મેરીટક્રમ મુજબ ગુજરાતની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા પોલિટેકનીક અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવાપાત્ર છે. રાજય કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની દરેક પોલિટેકનીકની પ્રવેશ ક્ષમતાની માહિતી પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકામાં આપવામાં આવે છે.

❖ જૂનાગઢ, આણંદ, નવસારી અને સરદારકૃષિનગર કેન્દ્ર ખાતે સંપૂર્ણ સુવિધાયુકત યુનિવર્સિટી લાઈબ્રેરી પણ આવેલ છે. જેમા દરેક પોલીટેકનીકના વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂરી એવા પુસ્તકો, સામયિકો ઉપલબ્ધ છે. આ ઉપરાત ઈન્ટરનેટ ફેસેલીટી સાથેની ઈ–લાઈબ્રેરી તથા લેંગ્વેજ લેબ પણ ઉપલબ્ધ છે.

❖ તમામ પોલિટેકનીક અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે. પ્રવેશ માટે ગુજરાત સરકારના ધારાધોરણો મુજબ પ્રવેશની લઘુત્તમ લાયકાત તથા અનામત બેઠકો રાખવામાં આવે છે. પોલિટેકનીક ઈન એગ્રીકલ્ચર તથા પોલિટેકનીક ઈન હોર્ટીકલ્ચર કોર્સમાં ખેડૂતપુત્રો/પુત્રીઓને મેરીટમાં વધારાના ૫ ટકા/ગુણભાર ઉમેરવામાં આવે છે. તમામ અભ્યાસક્રમોમાં કન્યાઓને ટયુશન ફી તથા હોસ્ટેલ ફી માંથી મુકિત આપવામાં આવે છે.

❖ ઉપરોકત દરેક અભ્યાક્રમોમાં હોસ્ટેલમાં રહેવુ ફરજીયાત છે. દરેક પોલિટેકનીક માટે સુવિધાયુકત હોસ્ટેલ ઉપલબ્ધ છે. હોસ્ટેલ મેનેજમેન્ટ માટે રેકટરની સીધી દેખરેખ હેઠળ ભોજનાલયની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

❖ વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે વિશાળ સ્પોર્ટસ કોમ્પલેક્ષની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, વોલીબોલ ગ્રાઉન્ડ, ખોખો ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ, જીમ્નેશીયમ, ટેબલ ટેનીસ અને બેડમીન્ટન કોર્ટ તથા ઈન્ડોર ગેઈમ્સ માટે પણ પુરતી સુવિધાઓ ઉપલબ્ધ છે. આવી રમતોમાં આંતર યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓ યોજવામા આવે છે. આ ઉપરાંત એનએસએસ યુનિટો દ્વારા વિદ્યાર્થીઓમાં સેવા, સમર્પણ અને રાષ્ટ્ર ભાવનાનુ ઘડતર પણ કરવામાં આવે છે.

❖ સાંસ્કૃતિક કાર્યક્રમો, વકૃત્વ સ્પર્ધાઓ કે અન્ય સમારંભો માટે સુવિધાયુક્ત ઓડિટોરિયમ ઉપલબ્ધ છે.

## ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ પોલિટેકનીક કક્ષાના અભ્યાસક્રમો પૂર્ણ કર્યા બાદ નીચે મુજબ રોજગારીની તકો રહેલ છે

| કૃષિ અને બાગાયત | |
|---|---|
| **સરકારી ક્ષેત્રે** | **ખાનગી ક્ષેત્રે** |
| ❖ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>❖ કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો<br>❖ રાજ્ય સરકારના ખેતીવાડી વિભાગ<br>❖ બાગાયત વિભાગ<br>❖ રાજ્ય બીજ નિગમ<br>❖ રાષ્ટ્રીયકૃત બેંકો<br>❖ સહકારી બેંકો, સહકારી સંસ્થાઓ<br>❖ વીમા કંપનીઓ<br>❖ ઈફકો, કૃભકો, જીએસએફસી, એન.જી.ઓ., જીએનએફસી, આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર સી. વગેરે | ❖ પેસ્ટીસાઈડ કંપનીઓ<br>❖ ફર્ટીલાઈઝર કંપનીઓ<br>❖ સીડ કંપનીઓ<br>❖ માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ<br>❖ ફૂડ પ્રોસેસીંગ અને ફૂડ એક્ષપોર્ટ કરતી કંપનીઓ<br>❖ લેન્ડસ્કેપ એન્ડ ગાર્ડનીંગ સેક્ટર<br>❖ એગ્રી કલીનીક, એગ્રી બિઝનેસ સેન્ટર<br>❖ એગ્રો સર્વિસ સેન્ટર વગેરે<br>❖ પ્રાકૃતિક ખેતી તેમજ સજીવ ખેતી માટેના ઈનપુટ બનાવનાર કંપનીઓ |

## કૃષિ ઈજનેરી

### સરકારી ક્ષેત્રે

- કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો
- કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો
- સહકારી સંસ્થાઓ
- વીમા કંપનીઓ, એન.જી.ઓ
- આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર.સી. વગેરે
- સરદાર સરોવર નર્મદા વિભાગ લીમીટેડ
- ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી
- FSSAI

### ખાનગી ક્ષેત્રે

- ઈરીગેશન અને માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ
- ટ્રેક્ટર તથા તેને સંલગ્ન સાધનો (ખેત ઓજારો) બનાવતી વિવિધ કંપનીઓ
- ફૂડ પ્રોસેસીંગ અને ફૂડ એક્ષપોર્ટ કરતી કંપનીઓ
- જળ અને જમીનને લગતી કામગીરીઓ કરતાં NGOs
- વોટરશેડ, રિમોટ સેન્સીંગ અને જીઆઈએસ બેઝડ કામગીરી કરતી કંપનીઓ
- રિન્યુએબલ એનર્જીને લગતા એકમો

## એગ્રો–પ્રોસેસીંગ એન્ડ ફૂડ ટેકનોલોજી

### સરકારી ક્ષેત્રે

- કૃષિ યુનિવર્સીટીઓ
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
- રાજ્ય સરકારનાં ખેતીવાડી વિભાગ
- સહકારી સંસ્થાઓ
- એન.જી.ઓ.

### ખાનગી ક્ષેત્રે

- ફૂડ પ્રોસેસીંગ કપનીઓ
- ફૂડ પ્રોસેસીંગ પ્લાન્ટ, ડ્રાઈંગ યુનિટ, દાળમીલ, ફ્લોર મીલ, ઓઈલ મીલ, બેવરેજીસ ઈન્ડસ્ટ્રીઝ
- બેકરી અને નમકીન ઈન્ડસ્ટ્રીઝનાં પ્રોસેસીંગ ડીપાર્ટમેન્ટ તથા કવોલિટી કંટ્રોલ વિભાગમાં સુપરવાઈઝર કે અન્ય જગ્યાઓ પર
- હેલ્થ ડ્રીંક્સ, ન્યુટ્રાસ્યુટીકલ પ્રોડક્ટ બનાવતી કંપનીમાં ફૂડ ટેકનોલોજીસ્ટ તરીકે
- ગ્રામ્ય કક્ષાએ/નાના શહેરોમાં નાના પાયાની ફૂડ ઈન્ડસ્ટ્રીઝ શરુ કરી સ્વ–રોજગારી મેળવી શકે છે.

## ડીપ્લોમા ઈન ફૂડ ટેકનોલોજી એન્ડ ન્યુટ્રીશન

### સરકારી ક્ષેત્રે

- ફૂડ ટેકનોલોજી/ન્યુટ્રીશન/હોમ સાયન્સ વગેરેની શાળા/કોલેજમાં લેબોરેટરી આસીસ્ટન્ટ
- ન્યુટ્રીશન વિષયક સરકારી યોજનાઓ/ICDS/મધ્યાહન ભોજન યોજનામાં ન્યુટ્રિશનિસ્ટ તરીકે

### ખાનગી ક્ષેત્રે

- ફૂડ ઈન્ડસ્ટ્રીસમાં ફૂડ ટેકનોલોજીસ્ટ
- હેલ્થ ફૂડ ઈન્ડસ્ટ્રીસ (હેલ્થ ડ્રીંક્સ, ન્યુટ્રાસ્યુટીકલ, સ્પોર્ટસ ફૂડ, બેબી ફૂડ)માં ન્યુટ્રીશન એક્સપર્ટ
- હોસ્પીટલ, જીમ, હેલ્થ કલબ, રીસોર્ટમાં ડાયેટીશીયન
- ફૂડ ઈન્ડસ્ટ્રીયલ પ્લાન્ટ ઉભો કરી પોતાનો ધંધો સ્થાપવો (સ્વરોજગાર)
- ડાયેટીશીયન/ન્યુટ્રીશન કન્સલ્ટન્ટ/ડાયેટેટિક કિલનિક/હેલ્થ કલ્બ તરીકે પોતાનો વ્યવસાય

**આ ઉપરાંત વધારાણી માહિતી માટે www.jau.in અને www.gsauca.in ની મુલાકાત લેવી અથવા નીચેના નંબર પર સંપર્ક કરવો**

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | હોદ્દો | ફોન નં. |
|---|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | ૦૨૬૯૨–૨૬૪૪૬૨ |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | ૦૨૮૫–૨૬૭૨૦૮૦–૯૦ |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | ૦૨૬૩૭–૨૮૩૭૯૪ |
| ૪ | સરદારકૃષિનગર દાંતિવાડા કૃષિ યુનિવર્સિટી | મદદનીશ કુલસચિવ (એકેડેમિક) | ૦૨૭૪૮–૨૭૮૨૨૯ |